## સંક્ષિપ્ત સમાચાર

### NCSC - 2026 મા સી બી ગર્લ્સ હાઈસ્કુલને રાજ્ય કક્ષાએ પસંદ કરાઈ




**કાલોલ :** નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ અંતર્ગત આજે મંગળવારના રોજ કલરવ સ્કૂલ ગોધરા ખાતે NCSC - 2026 નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 120 થી વધુ પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યા હતા. આ વર્ષની મુખ્ય થીમ "સ્થિરતા માટે વિજ્ઞાન અને નવીનતા" હતી આ સ્પર્ધામાં કચરાનું વ્યવસ્થાપન અંગે શ્રીમતી સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલ, કાલોલ રાજ્ય કક્ષા માટે પસંદ પામી છે. શાળાની વિદ્યાર્થીનીઓ દેસાઈ લીઝા અને જીયાબેન ભોઈ તથા તેમના માર્ગદર્શક શ્રીમતી આર.બી. શાહ ને શ્રી કાલોલ કેળવણી પ્રચારક મંડળ અને સમગ્ર શાળા પરિવાર ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે.

### બોડેલીની શેઠ ટી.સી. કાપડિયા કોલેજમાં SSIP અંતર્ગત કાર્યક્રમ યોજાયો



**બોડેલી :** બોડેલીની શેઠ ટી.સી. કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે SSIP (Student Startup & Innovation Policy) અંતર્ગત 'From Idea to Innovation' વિષય પર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં કોલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.ર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ, નવીન વિચારસરણી અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો હતો. મુખ્ય વક્તા તરીકે એમ.એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કાલોલના એસોસિયેટ પ્રોફેસર તથા શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના SSIP Cellના સભ્ય ડૉ. અજય એન. સોની ઉપસ્થિત રહ્યા હતા.

### એચ.એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ ખાતે QDC કક્ષાની ચિત્ર સ્પર્ધા યોજાઇ



**બોડેલી :** વિકસિત ભારત 2047 સેવા સંકલ્પ અભિયાન-2026 અંતર્ગત શેઠ એચ.એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ ખાતે QDC કક્ષાની ચિત્ર સ્પર્ધા તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય સુરેશકુમાર એસ. પટેલ તથા સુપરવાઇઝર એમ.એસ. ગજ્જર દ્વારા સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. સ્પર્ધાના અંતે ચિત્ર સ્પર્ધામાં નિર્ણાયક તરીકે એન.પી. ગોસાઈ તથા ભાવિકાબેન પટેલે અને વક્તૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે વી.બી. ચૌધરી તથા કિંજલ પટેલે ફરજ બજાવી હતી. નિર્ણાયકો દ્વારા સ્પર્ધકોના પ્રદર્શનનું મૂલ્યાંકન કરી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક જાહેર કરવામાં આવ્યા હતા.

### લાલખા, દરકુંડી અને વાઘાની પ્રાથમિક શાળાઓમાં યોગ શિબિરો યોજાઈ



**સાવલી :** ડેસર તાલુકાના લટવા ગામની લાલખા અને દરકુંડી તેમજ વાઘા ગામની પ્રાથમિક શાળાઓમાં લકુલીશ પ્રબોધન અભિયાન અંતર્ગત લકુલીશ યોગ વિદ્યાલય દ્વારા તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ ત્રણ પરિચયાત્મક યોગ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોગ શિબિરોનું આયોજન લટવા ગામના પૂર્વ સરપંચ કુસુમબેન સોલંકીના સહયોગથી કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં યોજાયેલી આ શિબિરો દરમિયાન વિદ્યાર્થીઓને યોગનું મહત્વ સમજાવી વિવિધ યોગાસનો અને યોગની પ્રાથમિક જાણકારી આપવામાં આવી હતી. શાળાના બાળકોએ યોગ શિબિરમાં ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો અને યોગના વિવિધ આસનો સફળતાપૂર્વક કર્યા હતા. બાળકોમાં યોગ પ્રત્યે જાગૃતિ અને રસ કેળવાય તે હેતુથી યોજાયેલી આ શિબિરોને શાળા પરિવાર તથા વિદ્યાર્થીઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.

---

**રોડની ખસતા હાલતના લીધે અગાઉ અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા**

## સાસરોદ-નારેશ્વર રોડ: બિસ્માર હાલતમાં સમારકામની માંગ સાથે પ્રજામાં રોષ

(પ્રતિનિધી) કરજણ, તા.27
કરજણ તાલુકાના સાસરોદ-નારેશ્વર રોડની અતિ બિસ્માર હાલત સ્થાનિક રહીશો માટે દૈનિક યાતનાનું કારણ બની છે. આ માર્ગની દુર્દશા એટલી હદે પહોંચી ગઈ છે કે, ૨૨/૮/૨૦૨૬ ના રોજ તેના "બેસણા"નું આયોજન કરવામાં આવ્યું હતું, અને એક મહિના બાદ તેની "વર્ષી" પણ ઉજવાઈ, જે દરમિયાન રોડ ચક્કાજામ કરવામાં આવ્યો. આ ઘટનાઓ માત્ર પ્રતીકાત્મક વિરોધ નથી, પરંતુ તંત્રની ઘોર ઉપેક્ષા સામે પ્રજાના અસહ્ય રોષનું પ્રતિબિંબ છે. આ રોડની આસપાસના ગામડાઓના લોકો ધૂળની ડમરીઓ અને પાંચ



ફૂટ લાંબા તથા બે ફૂટ ઊંડા ખાડાઓથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર જાણે આંખ આડા કાન કરતું હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, આ બિસ્માર રોડને કારણે બાળકો શાળાએ પહોંચવામાં, નોકરિયાત વર્ગ સમયસર કામ પર પહોંચવામાં અને ધંધાર્થીઓ પોતાના વ્યવસાયમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. સૌથી ગંભીર બાબત તો એ છે કે, ગર્ભવતી મહિલાઓ કે બીમાર દર્દીઓ માટે ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ પણ સમયસર પહોંચી શકતી નથી, જે અનેક જીવલેણ પરિણામો નોતરી શકે છે. લોકોનો આક્ષેપ છે કે, તંત્ર દ્વારા રોડ બનાવવામાં આવે છે ખરો, પરંતુ ઓવરલોડિંગ રેતીના ડમ્ફરોને કારણે તેની હાલત ફરીથી બિસ્માર બની જાય છે. આ ખાડાઓ અને ખરાબ રસ્તાને કારણે આ માર્ગ પર અવારનવાર અકસ્માતો સર્જાય છે, જેમાં અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ પરિસ્થિતિથી કંટાળીને સાસરોદ રોડની આસપાસના ગામોના લોકો એકસંપ થઈને રોડ રોકી, સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરીને આંદોલન પર ઉતર્યા હતા. આ આંદોલન દરમિયાન મહિલાઓએ રેતીના ડમ્ફરો રોકીને ધારાસભ્ય અક્ષય પટેલ વિરુદ્ધ આકરા પ્રહારો કર્યા હતા.

---

**ગોધરામાં સેવા સંકલ્પ અભિયાનના દાવા પોકળ**

## રેલવે ઓવરબ્રિજ પાસે કચરાના ઢગલા ખડકાતા લોકો ત્રાહિમામ

(પ્રતિનિધી) ગોધરા, તા.27
ગોધરાના જૂના બસ સ્ટેશનથી ભુરાવાવ તરફ જતા રેલવે ઓવરબ્રિજની ડાબી બાજુની ખુલ્લી જગ્યામાં મોટા પ્રમાણમાં કચરો ફેંકવામાં આવી રહ્યો છે. લાંબા સમયથી પડેલા આ કચરાના કારણે આસપાસના વિસ્તારમાં એટલી હદે દુર્ગંધ ફેલાઈ છે કે રાહદારીઓને નાક પર રૂમાલ રાખીને પસાર થવાની ફરજ પડી રહી છે. વિશેષમાં, આ વિસ્તારની નજીક એક ધાર્મિક સ્થાન પણ આવેલું હોવાથી ગંદકીના કારણે દર્શનાર્થીઓ અને સ્થાનિકોની ધાર્મિક લાગણી દુભાઈ રહી છે. શહેરના આ અત્યંત વ્યસ્ત અને મહત્વના પ્રવેશ માર્ગ પર જ આવી ગંદકી હોવાથી બહારથી આવતા લોકોમાં પણ શહેરની નકારાત્મક છબી ઊભી થઈ રહી છે.



સ્થાનિકોની ફરિયાદ છે કે કેટલાક બેજવાબદાર લોકો દ્વારા આ ખુલ્લી જગ્યાને કચરાપેટી સમજીને ગંદકી કરવામાં આવી રહી છે અને તંત્ર દ્વારા કોઈ જ દેખરેખ રાખવામાં આવતી નથી. ગોધરાના અન્ય વિસ્તારોમાં પણ જાહેર જગ્યાઓ પર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. નગરજનોની ઉગ્ર માંગ છે કે ગોધરા નગરપાલિકા માત્ર એકવાર કચરો ઉપાડી લેવાનો દેખાડો કરવાના બદલે કાયમી ઉકેલ લાવે.

---

## સંખેડામાં ઓરસંગ નદીના પટમાં અડધી ડૂબેલી ગણેશજીની પ્રતિમાઓ દેખાતા ધાર્મિક લાગણી દુભાઈ

સંખેડા : સંખેડામાં ઓરસંગ નદીના પટમાંથી સામે આવેલા દ્રશ્યોએ ભક્તોની લાગણીને ઠેસ પહોંચાડી છે. નદીના પટમાં અડધી ડૂબેલી ગણેશજીની પ્રતિમાઓ જોવા મળી રહી છે, જેનો ફોટો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. પ્રાપ્ત માહિતી મુજબ, સંખેડામાં અનેક જગ્યાએ મોટી ગણેશ મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી હતી. મોટાભાગના યુવક મંડળો દ્વારા પ્લાસ્ટર ઓફ પેરિસ (POP) ની મૂર્તિઓની સ્થાપના કરાઈ હતી. ગત શુક્રવારે સંખેડા પાસેથી પસાર થતી ઓરસંગ નદીમાં ગણેશજીની પ્રતિમાઓનું ઢોલ-નગારાના ગગનભેદી નાદ સાથે ભવ્ય વિસર્જન કરવામાં આવ્યું હતું. જોકે વિસર્જન થયા બાદ પણ હજીયે કેટલીક મૂર્તિઓ નદીમાં બહાર અડધી ડૂબેલી હાલતમાં જોવા મળી રહી છે. POP ની મૂર્તિઓ હોવાના કારણે પાણીમાં ઝડપથી ઓગળતી નથી અને દિવસો સુધી નદીના પટમાં આ રીતે પડી રહે છે, જેનાથી શ્રદ્ધાળુઓની લાગણી દુભાય છે અને નદીમાં પ્રદૂષણ પણ વધે છે. પર્યાવરણ પ્રેમીઓ અને સ્થાનિકોએ માંગ કરી છે કે, તંત્ર દ્વારા માટીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે અને વિસર્જન બાદ નદીની સફાઈની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.



---

**કાલોલ નગરમાં હડકાયા કૂતરાનો આતંક**

## હડકાયા કૂતરાએ પગનાં ભાગે હુમલો કરતા ૨૬ જેટલા લોકોને બચકા ભર્યા

(પ્રતિનિધી) કાલોલ, તા.27
કાલોલ નગરમાં હડકાયા કૂતરાના આતંકથી શહેરીજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. આજરોજ વહેલી સવારથી લઈને બપોરના બાર વાગ્યા સુધીમાં એક જ દિવસમાં શહેરના અલગ-અલગ વિસ્તારોમાં હડકાયા કૂતરાએ આશરે 26 જેટલા લોકોને બચકા ભરતા નગરમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક માહિતી અનુસાર, આ હડકાયા કૂતરાએ નગરના કસ્બા વિસ્તાર,નુરાની ચોક,કાનાવાગા, મોગલવાડા,બજાર વિસ્તારના કાછિયાવાડ સહિતના ગીચ વિસ્તારોમાં રાહદારીઓ, નાના બાળકો સાથે મહિલાઓને અને વૃદ્ધોને નિશાન બનાવ્યા હતા. મોટાભાગના લોકોને પગના ભાગે બચકા ભર્યા હોવાનું જાણવા મળ્યું છે. જ્યાં



ઘટનાની જાણ થતા જ ઈજાગ્રસ્તોને પોતાના સ્વજનો તાત્કાલિક સારવાર માટે કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને હડકવા વિરોધી ઈન્જેક્શન અને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ગંભીર રીતે ઘવાયેલા ચારથી પાંચ જેટલા દર્દીઓને વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. એક જ દિવસમાં આટલી મોટી સંખ્યામાં લોકોને કૂતરું કરડવાની ઘટના બનતા નગરજનોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. શહેરમાં રખડતા કૂતરાઓનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. હડકાયા કૂતરાને તાત્કાલિક ઝડપી પાડી તેનો નિકાલ કરવામાં આવે અને રખડતા શ્વાનોને પકડવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી માંગ નગરજનો કરી રહ્યા છે. અને નગરપાલિકા તંત્ર દ્વારા આ બાબતે તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહીં આવે તો કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

---

**બોડેલીમાં ફૂડ વિભાગની કાર્યવાહી**

## લારીઓ-હોટલો અને ફરસાણની દુકાનોમાં સઘન ચેકિંગ

(પ્રતિનિધી) બોડેલી, તા.27
શહેરમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી ફૂડ વિભાગની ટીમ દ્વારા ખાણીપીણીની લારીઓ, હોટલો તેમજ ફરસાણની દુકાનોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન ફૂડ વિભાગની ટીમ દ્વારા વિવિધ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, સંભવિત ભેળસેળ, સ્વચ્છતા તેમજ હાઈજીનના ધોરણોની તપાસ કરવામાં આવી હતી. ખાદ્ય પદાર્થો કઈ રીતે સંગ્રહ કરવામાં આવે છે તેમજ વેચાણ દરમિયાન સ્વચ્છતાના નિયમોનું પાલન થાય છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન કેટલાક



ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓને જરૂરી તપાસ માટે મોકલવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. તપાસ દરમિયાન ફૂડ વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓ અને દુકાનદારોને ખાદ્ય સુરક્ષા નિયમોનું પાલન કરવા તથા દુકાન સહિત ખાદ્ય પદાર્થોની સ્વચ્છતા જાળવવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

---

**ગુજરાત મિત્રમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં જ તંત્રે સફાઈ કામગીરી શરૂ કરી**

## ગુંડીચા-રામપુરા માર્ગ પર ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય વધી અકસ્માતનો ભય

(પ્રતિનિધી) સંખેડા, તા.27
સંખેડા તાલુકાના ગુંડીચાથી રામપુરા જતા મુખ્ય માર્ગ પર ઝાડી-ઝાંખરાના સામ્રાજ્યથી લોકોને હાલાકીના સમાચાર તા.16 ના રોજ અખબારમાં પ્રસિદ્ધ થતાં જ તંત્ર હરકતમાં આવ્યું છે અને હાલ માર્ગ પર ઝાડી-ઝાંખરા સાફ કરવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સંખેડા તાલુકાના ગુંડીચાથી રામપુરા જતા મુખ્ય માર્ગ પર બંને બાજુ ઝાડી-ઝાંખરા અને ગાંડા બાવળ મોટા પ્રમાણમાં ઉગી નીકળ્યા હતા. જેના કારણે રસ્તો સાંકડો થઈ ગયો હતો અને કાંટાળી ઝાડીઓ રસ્તા વચ્ચે આવી જતાં રાહદારીઓ અને વાહન ચાલકોને



અવર-જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર ચોમાસામાં વરસાદ પડતાં જ આ ઝાડી-ઝાંખરા વધુ વધી જવાના કારણે રસ્તો સંપૂર્ણ રીતે ઢંકાઈ જવાની ભીતિ હતી, જેના કારણે અકસ્માતનો ભય પણ વધી ગયો હતો. રાત્રિના સમયે પસાર થવું વધુ જોખમી બન્યું હતું. આ માર્ગ પરથી રોજ ગુંડીચા, રામપુરા, કડવાકોઈ સહિતના ગામના લોકો, વિદ્યાર્થીઓ અને ખેડૂતો પસાર થાય છે. ગ્રામજનોએ ચોમાસામાં સ્થિતિ વધુ બગડે તે પહેલા ઝાડી ઝાંખરાની સાફ સફાઈ કરાય તેવી માંગ કરી હતી. ગ્રામજનોની માંગને પગલે અખબારમાં સમાચાર પ્રસિદ્ધ થતા જ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે જંગલ કટિંગ અને રસ્તાની સાફ-સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે,

---

## ટીંબરવા-સાધલી માર્ગે ફાર્મમાં કોંગ્રેસની બેઠક યોજાઈ

(પ્રતિનિધી) શિનોર, તા.27
શિનોર તાલુકા કોંગ્રેસ સંગઠનને વધુ સક્રિય અને મજબૂત બનાવવાના ભાગરૂપે આજરોજ શિનોર તાલુકાના ટીંબરવા-સાધલી માર્ગ પર આવેલ રાજગોર ફાર્મ ખાતે વડોદરા જિલ્લા કોંગ્રેસ સમિતિના કારોબારી સભ્ય મહેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં શિનોર તાલુકા કોંગ્રેસ સમિતિની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન શિનોર તાલુકા કોંગ્રેસ સંગઠનને વધુ સક્રિય અને મજબૂત બનાવવા તેમજ સંગઠનની કામગીરીને વધુ વેગ આપવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ દરમિયાન ઉપસ્થિત કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ આક્ષેપ કર્યો હતો કે હાલના શિનોર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમૂલ પટેલ દ્વારા તાલુકામાં પક્ષના કાર્યક્રમોના આયોજન તેમજ સંગઠનની પ્રવૃત્તિઓમાં નિષ્ક્રિયતા જોવા મળી રહી છે.

---

**ભારે વાહનોની અવરજવર બંધ થતાં ધંધા-રોજગાર પર અસર**

## બોડેલી-જબુગામ વચ્ચે મેરિયા બ્રિજ પાસે વેપારીયોએ સ્વખર્ચે ડાયવર્ઝન બનાવવા મજબૂર

(પ્રતિનિધી) બોડેલી, તા.27
બોડેલી-જબુગામ વચ્ચેના NH-56 પર આવેલા મેરિયા બ્રિજ પરથી ભારે વાહનોની અવરજવર પર નિયંત્રણ મૂકવામાં આવતા આસપાસના વેપારીઓ, વાહનચાલકો અને સ્થાનિક લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. જ્યારે વરસાદ વિરામ લેતા રેતીના વેપારીઓ ફરી એકવાર સ્વખર્ચે ડાયવર્ઝન બનાવવા માટે મજબૂર થયા છે. બ્રિજ પરથી 30 ટન થી વધુ વજન વાળા વાહનો પસાર થઈ શકતા ન હોવાથી રોજિંદા ધંધા-રોજગાર તથા માલસામાનની અવરજવર પર સીધી અસર પડી રહી છે.



છોટાઉદેપુર જિલ્લામાં વિવિધ બ્રિજોની ક્ષમતા અને સલામતીને ધ્યાનમાં રાખીને ભારે વાહનો માટે નિયંત્રણો મૂકવામાં આવ્યા છે. પરંતુ આવા સંજોગોમાં વાહનવ્યવહાર સરળતાથી ચાલુ રહે તે માટે બ્રિજની બાજુમાં વૈકલ્પિક ડાયવર્ઝન માર્ગની વ્યવસ્થા કરવામાં આવે તેવી સ્થાનિકોની માંગ હતી પરંતુ મેરિયા બ્રિજ પાસે તંત્ર દ્વારા યોગ્ય વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરવામાં ન આવતા હવે સ્થાનિક વેપારીઓ દ્વારા સ્વખર્ચે ડાયવર્ઝન બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. લાખો રૂપિયાનો ખર્ચ કરીને વેપારીઓ પોતે જ રસ્તો બનાવવાની ફરજ પડે તે બાબત સંબંધિત તંત્રની કામગીરી સામે સવાલો ઉભા કરી રહી છે. સ્થાનિકોનું કહેવું છે કે જો બ્રિજની ક્ષમતા ઓછી હોય અને તેના કારણે ભારે વાહનોની અવરજવર શક્ય ન હોય તો સંબંધિત તંત્ર દ્વારા અગાઉથી વૈકલ્પિક ડાયવર્ઝન માર્ગ તૈયાર કરવામાં આવે તો વાહનચાલકો અને વેપારીઓને રાહત મળી શકે.

---

## સંખેડામાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયુ, શિયાળાના પગરવ

સંખેડા : છોટાઉદેપુર જિલ્લાના સંખેડામાં આજે વહેલી સવારે વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. ચોમાસાએ હજુ સત્તાવાર રીતે વિદાય પણ નથી લીધી ત્યાં આજે વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાઈ જતા લોકોમાં કુતૂહલ સર્જાયું હતું. આજે સવારે 7 થી 9 વાગ્યા સુધી સંખેડા ના મુખ્ય માર્ગો અને આસપાસના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસની ચાદર છવાયેલી રહી હતી. વિઝિબિલિટી ઓછી થઈ જવાના કારણે વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ધુમ્મસના કારણે સામેથી આવતા વાહનો પણ દેખાતા ન હોવાથી વાહન ચાલકોએ હેડલાઈટ ચાલુ રાખીને ધીમે ધીમે વાહનો હંકારવા પડ્યા હતા.

---

## યાત્રાધામ પાવાગઢ ખાતે ગંદકી ન કરવા અંગે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું

(પ્રતિનિધી) હાલોલ, તા.27
પંચમહાલ હાલોલ તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ગંદકી ન કરવા અંગે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. પાવાગઢ ખાતે દરરોજ મોટી સંખ્યામાં યાત્રાળુઓ અને પ્રવાસીઓ આવતા હોય છે.. દુકાનો આગળ તેમજ રસ્તા પર ગંદકી થતી હોવાથી સ્વચ્છતા જાળવવા આ નિર્ણય લેવાયો છે. માંચી તળેટીથી પાવાગઢ ડુંગર સુધી જાહેર સ્થળોએ ગંદકી ન કરવા સૂચના આપવામાં આવી છે. જાહેરનામું તા. ૨૫/૦૯/૨૦૨૬ થી તા. ૨૩/૧૧/૨૦૨૬



સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. યાત્રાધામની સ્વચ્છતા જાળવી રાખવા યાત્રાળુઓ અને દુકાનદારોને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે..